# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-09-2024** **Evening : 7.10 to 7.20**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

- વરસાદ અને પૂરને કારણે રાજ્યમાં થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે ગૃહમંત્રાલયે રચેલી આંતર-મંત્રાલયની કેન્દ્રીય ટીમ પૂર પ્રભાવિત જિલ્લાઓની મુલાકાત લેશે..
- નાગરિકોને અવરજવરમાં કોઇ મુશ્કેલી ન પડે તે માટે વરસાદના કારણે ક્ષતિગ્રસ્ત થયેલા માર્ગોનું યુધ્ધના ધોરણે મરામતનું કામ શરૂ..
- વરસાદને કારણે ખેડૂતોના ઉભા પાકને થયેલા નુકસાનનું વળતર ચૂકવવાની માંગણી સાથે બહુચરાજી, દસાડા અને હળવદના ધારાસભ્યોએ મુખ્યમંત્રીને પત્ર લખ્યો..
- ચેનલ થકી ગેમ્બલિંગ નેટવર્કમાં સંડોવાયેલા ભાગેડુ આરોપીને UAEથી ગુજરાત પોલીસ પકડીને પરત લાવી.. આરોપ સામે ઇન્ટરપોલ દ્વારા રેડકોર્નર નોટિસ જાહેર કરવામાં આવી હતી..
- હવામાન વિભાગની આગામી પાંચ દિવસમાં ગુજરાતમાં ભારે વરસાદની આગાહી- ..આવતીકાલે મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદની શક્યતા..

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CENTRAL TEAM- GUJ. FLOOD

ગૃહ મંત્રાલયે ગુજરાતમાં વરસાદ અને પૂરને કારણે થયેલા નુકસાનનું મૂલ્યાંકન કરવા માટે એક સમિતિની રચના કરી છે. નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાસ્ટર મેનેજમેન્ટના એક્ઝિક્યુટિવ ડિરેક્ટરની આગેવાની હેઠળ એક ઇન્ટર-મિનિસ્ટિરિયલ સેન્ટ્રલ ટીમની રચના કરાઇ છે. આ સમિતિ ટૂંક સમયમાં જ રાજ્યનાં પૂરગ્રસ્ત જિલ્લાઓની મુલાકાત લેશે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે લીધેલા નિર્ણય અનુસાર ગૃહમંત્રાલયે IMCTની રચના કરી છે જે પૂર અને ભૂસ્ખલન રાજ્યોની મુલાકાત લીધી હતી.

# RAIN KAMGIRI

રાજ્યભરમાં ભારે વરસાદ બાદ માર્ગ મરામત, આરોગ્ય ચકસણી, વીજ પુરવઠો પૂર્વવત્ કરવા સહિતની વિવિધ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે..

અમદાવાદ જીલ્લામાં વિરમગામ, ધોળકા અને ધંધુકા તાલુકાના કુલ 42 જેટલા રસ્તાઓને અસર થઈ હતી.. 42 રસ્તાઓ પૈકી હાલ 30 માર્ગો પર વાહનવ્યવહાર પૂર્વવત્ થઈ ગયો છે. આ ઉપરાંત જ્યાં પાણી ભરાયા હતા એ પાણી ઓસરતા ક્રમશઃ રિપેરિંગ તથા પેચવર્કની કામગીરી સત્વરે હાથ ધરાઈ છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ભારે વરસાદના કારણે તૂટી ગયેલા રોડ રસ્તાનું સમારકામ અને સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેને જણાવ્યું હતું કે, રોગચાળો ન ફેલાય તે માટે સફાઈ કામદારોની એક ટીમ કાર્યરત છે અને વરસાદને લીધે તૂટી ગયેલા રોડ રસ્તાઓના પેચવર્કની પણ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે.

બનાસકાંઠા જિલ્લામાં આરોગ્ય વિભાગ દ્વારા સ્વાઇન ફ્લૂ, ઝાડા ઉલ્ટી અને મેલેરિયાના કેસો ન વધે એ માટે ડોર ટુ ડોર સર્વેલન્સની કામગીરી હાથ ધરાઈ. આરોગ્ય વિભાગ દ્વારા દવાઓના વિતરણ સાથે આરોગ્ય સંબંધિત માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે.

કચ્છ જિલ્લામાં પણ વરસાદ બાદ પશુઓમાં રોગચાળો ન ફેલાય તે માટે પશુપાલન વિભાગ દ્વાર રસીકરણની કામગીરી શરૂ કરવામાં આવી છે. કચ્છની 23 તેમજ બનાસકાંઠાના અને પાટણથી 8 ટીમ બોલાવીને કુલ ૩૧ ટીમો દ્વારા રસીકરણ, સારવારની તેમજ પશુ મૃત્યુ સર્વેક્ષણની કામગીરી હાથ ધરવામાં આવી છે.. કચ્છમાં અત્યાર સુધીમાં 10 હજારથી વધુ પશુઓનું રસીકરણ અને 7 હજારથી વધુ પશુઓની સારવાર કરવામાં આવી છે. ભારે વરસાદની પરિસ્થિતિમાં જિલ્લામાં 167 પશુ અને 3 હજારથી વધુ મરઘાઓનું મૃત્યુ થયું છે..

સુરેન્દ્રનગર, મહેસાણા, પંચમહાલ, આણંદ, મહીસાગર અને સાબરકાંઠા જિલ્લામાં વહીવટી તંત્ર દ્વારા વરસાદને કારણે અસરગ્રસ્ત થયેલા માર્ગોની મરામત કરવામાં આવી રહી છે..

# WEATHER

આગામી પાંચ દિવસ દરમિયાન રાજ્યમાં ભારે વરસાદ વરસે તેવી હવામાન વિભાગે આગાહી કરી છે.. આવતીકાલે મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં ભારે વરસાદનું યલો એલર્ટ હવામાન વિભાગે જાહેર કર્યું છે. આ ઉપરાંત મગંળવારના રોજ દક્ષિણ ગુજરાતના જીલ્લાઓમાં અતિભારે વરસાદ વરસે તેવી પણ શક્યતા જાહેર કરીને ઓરેન્જ એલર્ટ જાહેર કરાયું હોવાની માહિતી હવામાન વિભાગના વૈજ્ઞાનિક અભિમન્યુ ચૌહાણે આપી હતી..

**(બાઇટ- અભિમન્યુ ચૌહાણ)**

બીજી તરફ, પોરબંદરના દરિયાકિનારે અગાઉ 3 નબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું હતું, તેના બદલે હવે 2 નંબરનું સિગ્નલ લગાવવામાં આવ્યું છે.

# MLA LETTER

તાજેતરમાં પડેલા ભારે વરસાદને કારણે ખેડૂતોના ઉભા પાકને વ્યાપક નુકશાન પહોંચ્યું છે.. ખેડૂતોના ઉભા પાકને નુકસાન થતા આર્થિક ફટક પડ્યો છે. ત્યારે મહેસાણા અને સુરેન્દ્રનગર જીલ્લાના ધારાસભ્યોએ ખેડૂતોને થયેલા નુકસાનને વળતર આપીને ભરપાઇ કરવાની માંગણી કરી છે..

સુરેન્દ્રનગરના હળવદ-ધ્રાંગધ્રાના ધારાસભ્ય અને દસાડાના ધારાસભ્ય પી. કે. પરમારે ખેડૂતોને નુકશાનીનું વળતર ચુકવવાની માંગ સાથે મુખ્યમંત્રીને પત્ર લખ્યો છે..ધારાસભ્ય પ્રકાશ વરમોરા તેમજ દસાડાના ધારાસભ્ય પી કે પરમારે મુખ્યમંત્રીને કરેલી રજુઆતમાં જણાવ્યું છે કે ખેડૂતોએ બાગાયતી ખેતી દ્વારા દાડમ, લીંબુ, જામફળ, ખારેક, ડ્રેગનફ્રુટ વગેરેનું મોટા પ્રમાણમાં વાવેતર કર્યું હતું, પરંતુ તાજેતરમાં થયેલા અતિભારે વરસાદના કારણે બાગાયતી પાકને નુકસાન થયું છે. જેથી ખેડૂતોને નુકસાનનું વળતર ચુકવવામાં આવે તેવી માંગ કરી છે.

જ્યારે મહેસાણાના બહુચરાજીના ધારાસભ્ય સુખાજી ઠાકોરે મુખ્યમંત્રી અને કૃષિ મંત્રીને પત્ર લખીને ત્વરિત પાક સહાય ચૂકવવા માગણી કરી છે..

# DHAWANA- MRUTYU SAHAY

મોરબીના ઢવાણા ટ્રેક્ટર દુર્ઘટનામાં મુત્યુ પામેલા લોકોના પરીવારજનોને ૪-૪ લાખની સહાય ચુકવવામાં આવી છે.

હળવદ તાલુકાના ઢવાણા ગામે બનેલી દુર્ઘટનામાં મૃતકોના પરિવારને તેમજ બુટવડા, ધણાદના મુતકોના પરીવારજનોને મુખ્યમંત્રી  રાહત ફંડમાંથી ૪ લાખ રૂપિયાની સહાય કચ્છ સાંસદ, સુરેન્દ્રનગર સાંસદ, ધારાસભ્ય સહિતના આગેવાનોના હસ્તે ચેક અર્પણ કરવામાં આવ્યો....

હળવદ તાલુકાના ઢવાણા ગામે ૨૫ તારીખ રાત્રે ટ્રેક્ટર દુર્ઘટનામાં ૧૭ લોકો તણાયા હતા જેમાંથી નવ લોકોનો બચાવ થયો અને  આઠ લોકોના  મોત નિપજયા હતા, જ્યારે  હળવદ તાલુકાના અન્ય બે બનાવમાં હળવદ તાલુકાના બુટવડા  એક અને ધણાદ ગામે એક મુત્યુ પામેલા બે કુલ ૧૦ મૃતકોના પરીવારજનોને ગુજરાત સરકાર દ્વારા સીએમ રાહત ફંડમાંથી રૂપિયા ચાર- ચાર લાખની સહાય ચુકવવામાં આવી હતી..

# ARVALLI TITIGHODA

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકામાં તીડ હોવાના અહેવાલો મળતાં ખેતીવાડી વિભાગની ટીમ દ્વારા તપાસ કરવામાં આવી હતી.. જ્યાં, તીડ નહીં પણ તીતીઘોડા હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે.. શનિવારના દિવસે અચાનક મેઘરજ તાલુકાના રેલ્લાવાડા આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં તીડ હોવાના અહેવાલો પ્રસિદ્ધ થયા હતા.. સમગ્ર ઘટનાની ગંભીરતા જોઈને ખેતીવાડી વિભાગની ટીમે આસપાસના ગ્રામ્ય વિસ્તારોની મુલાકાત કરી હતી.

આ અંગે ખેતીવાડી અધિકારી પી. બી. પરમારે વધુમાં આ મુજબ જણાવ્યું..

**(બાઇટ- પી.બી. પરમાર- ખેતીવાડી અધિકારી)**

# CBI AROPI ARRESTED FROM UAE

સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશનના ગ્લોબલ ઓપરેશન્સ સેન્ટર દ્વારા આજે યુએઈથી વોન્ટેડ આરોપી દિપક ઠકકરને ઝડપીને ભારત પરત લાવવામાં આવ્યો  આવ્યો હતો.. રેડ નોટીસ અંતર્ગત દિપક ઠક્કરને ભારત પરત લાવવા

માટે ગુજરાત પોલીસ અને ઈન્ટરપોલ એનસીબી-અબુધાબી સાથે સંકલન કરવામાં આવ્યું છે.

આરોપી 25 માર્ચ, 2023ના રોજ માધવપુરા પોલીસ સ્ટેશન, અમદાવાદ, ગુજરાતમાં નોંધાયેલા ફોજદારી કેસમાં વોન્ટેડ છે, જે આંતરરાષ્ટ્રીય ગેરકાયદેસર ગુનાહિત જુગાર રેકેટનો કિંગપિન છે. એપ્લિકેશનના ઉપયોગ દ્વારા 2 હજાર 273 કરોડના નાણાની હવાલા મારફતે હેરાફેરી કરવાનો તેની ઉપર આરોપ છે. દિપક ઠક્કરને ગુજરાત દ્વારા ગુનાહિત વિશ્વાસઘાત, છેતરપિંડી, બનાવટી, ગુનાહિત કાવતરું, પુરાવા ગાયબ કરવા અને ઈન્ફર્મેશન ટેકનોલોજી એક્ટ અને જુગાર નિવારણ અધિનિયમને લગતા ગુનાઓ માટે વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો હતો.

# NARI GAURAV NITI-2024

રાજ્યમાં નારી ગૌરવ નીતિનું પુનઃ ઘડતર કરાયું છે. જે મહિલાઓના સશકિતકરણ અને આર્થિક ઉત્થાન માટે મહત્વની પુરવાર થશે..

નારી ગૌરવ નીતિ-૨૦૨૪માં મહિલાઓના સર્વાંગી વિકાસ, આધુનિક વિકાસ તેમજ તકનીકી વિકાસને અનુલક્ષી અગાઉની નીતિ પ્રમાણે ૮ ક્ષેત્રોનો સમાવેશ કરેલ છે, જેમાં શિક્ષણ અને રમતગમત, હિંસા અને સુરક્ષા, આરોગ્ય, પોષણ અને જીવનની ગુણવત્તા, પર્યાવરણ અને ક્લાઈમેટ ચેન્જ, સામાજિક સુરક્ષા અને કલ્યાણ તેમજ વિજ્ઞાન અને ટેકનોલોજી અને આર્થિક પર્યાવરણની સાથેસાથે વહીવટ અને નિર્ણય-શક્તિનો સમાવેશ થાય છે. આ નીતિના અમલીકરણથી મહિલાઓનો સર્વાંગી વિકાસ થશે, તેવો સરકારે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

# NEWS IN BRIF

## અને હવે કેટલાક સમાચારો સંક્ષિપ્તમાં...

- સુરતના વેસુ વિસ્તારમાં આવેલ સંયમવિહાર ખાતે આચાર્ય શ્રી મહાશ્રમણજી નેજા હેઠળ આ પર્યુષણ પર્વની ઉજવણી.. હજારોની સંખ્યામાં આચાર્યશ્રીના દર્શનાર્થે લોકો પધાર્યા..
- રાજ્ય સરકારના યાત્રાધામ વિકાસ બોર્ડ દ્વારા જૂનાગઢના ઇન્દ્રેશ્વર મહાદેવ મંદિરનો વિકાસ થયા પછી શિવ પરિવારની મૂર્તિ સ્થાપના કરવામાં આવી.. સાધુ- સંતો, સેવકો અને શ્રદ્ધાળુઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા..
- અમરેલીના ધારીના ચલાલા ગરમલી ગામે માનવભક્ષી દીપડો પાંજરે પુરાયો.. બે વર્ષના બાળક પર દીપડાએ હુમલો કરતા બાળકનું મોત નિપજ્યું હતું..
- અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા પાનમસાલા ખાઇને ગંદકી કરનારા 67 ઇસમો સામે કાર્યવાહી કરીને 6 હજાર 700નો દંડ વસૂલવામાં આવ્યો..
- ગાંધીનગરના અડાલજના પ્રસિધ્ધ વૈષ્ણોદેવી મંદિરમાં ચોરીનો નિષ્ફળ પ્રયાસ... સિક્યુરિટી ગાર્ડની સતર્કતાના કારણે ચોરો ભાગ્યા ...ચોરી કરવા આવેલા બે શખ્સો સીસીટીવીમાં થયા કેદ..